# મુમુક્ષુ અને મિચ્છામિ દુક્કડં

લેખક

પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્ત 'વિજયજી'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# મુમુક્ષુ અને મિચ્છામિ દુક્કડં

લેખક :—

સ્વ. પરમારાધ્યપાદ વિશાલગચ્છાધિપતિ સિદ્ધાંત-મહોદધિ શ્રીમદ્ આચાર્ય ભગવંતશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂજ્યપાદ પરમ શાસનપ્રભાવક તપોનિધિ આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ.
**મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ**

પ્રકાશક :-

**શ્રી પ્રેમસૂરીશ્વરજી જૈન સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ**
'પુનિત' બંગલો નં. ૬
સ્મૃતિકુંજ કોલોની
નવરંગપુરા, અમદાવાદ. ૯

પ્રથમ સંસ્કરણ
નકલ : ૧૦૦૦
વિ. સં. ૨૦૩૪, મૌન એકાદશી

મૂલ્ય : રૂા. ૦-૮૦ પૈસા

(સર્વ હક્ક સંસ્થાને સ્વાધીન)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી પ્રેમસૂરીશ્વરજી જૈન સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટના માનવંતા કાયમી સભ્યોની શુભ નામાવલી

| | | |
|---|---|---|
| ૧ | વનમાલાબેન રમણુલાલ ચેવલાવાળા | પ્રાણુદાતા. |
| ૨ | એક મુમુક્ષુ સદ્ગૃહસ્થ, શાંતાક્રુઝ– | શ્રુત પ્રચારક |
| ૩ | શાન્તિલાલ ભોગીલાલ શાહ, માલેગામ, | ” ” |
| ૪ | કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા, અમદાવાદ | ” ” |
| ૫ | કીર્તીકરભાઈ ચુનીલાલ શાહ, અમદાવાદ | ” ” |
| ૬ | નવરંગપુરા શ્વેતાં. મૂર્તિ સંઘ અમદાવાદ | ” ” |
| ૭ | શાન્તિલાલ ખેતશી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ | ” ” |
| ૮ | ફકીરચંદજી મોતીલાલજી પોરવાલ, રતલામ | ” ” |
| ૯ | રતનબેન પારેખ, રતલામ | ” ” |
| ૧૦ | ઋષભદેવ કેશરીમલજી જૈન પેઢી | ” ” ” |
| ૧૧ | ભભતમલજી જુહારમલજી, | ” ” ” |
| ૧૨ | પ્રકાશચન્દ્ર પોરવાડ, | ” ” ” |

( સર્વ હક્ક પ્રકાશન સંસ્થા ટ્રસ્ટને સ્વાધીન )

મુદ્રક :– કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય રતનપોળ, ફતેહભાઈની હવેલી, અમદાવાદ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અમોઘાસ્ત્ર !

અનાદિ કાલીન કષાયોની જડને જડમૂળમાંથી ઉખેડવા ક્ષમા–નમ્રતા સહન શીલતા વગેરે ગુણોની જરૂર રહેવાની. સંસારના મૂળમાં કષાય પડયા છે. કષાયની કાલીમા–કાળ-જામાં લાગેલી હોય તો ઉજ્જવળતા પમાય કયાંથી ?

ક્ષમા છે જીવનનું નવનીત. મૃદુતા વિના માનવતા શોભતી નથી. જીવનમાં પ્રગતિ મેળવવા નમ્ર બનવું જરૂરી છે.

'નમ્ર ઝાડ નદીમાં બચે. અક્કડ ઉડી જાય.'

'નમ્રતામાં પ્રભુતા વસે' આ બધી લોકોકિતઓ વ્યવહાર અને ધર્મ માર્ગમાં પણ અતિ ઉપયોગી છે–અને અપનાવવા જેવી છે.

મોક્ષ માર્ગના અનુયાયી જીવો માટે તો ક્ષમા–નમ્રતા વગેરે ગુણો અતિ ઉપયોગી છે. ક્ષમાભાવ કયારે પ્રકટે ? સાધન વિના સાધ્ય સિદ્ધિ થઇ શકતી નથી. જાણતાં અજાણતાં કોઈની સાથે ક્રોધ થઇ ગયો હોય, વેરનો ભાવ જાગી ગયો હોય અથવા પાપકારી કોઈ પણ પ્રવૃત્તિમાં પગ મૂકાઇ ગયો હોય તે સમયે 'મિચ્છામિ દુક્કડમ્'ના અમોઘાસ્ત્ર દ્વારા પાપની વિષ વેલને મૂળમાંથી કાપી શકાય છે. ક્ષમાભાવ પ્રકટાવવા અને કષાયોને કાઢવા 'મિચ્છામિ દુક્કડમ્' અત્યંત ઉપયોગી સાધન છે.

પ્રસ્તુત પુસ્તકમાં વિદ્વાન મુનિરાજશ્રીએ 'મિચ્છામિ દુક્કડમ્'ના ઊંડા મર્મને ખૂબજ સુંદર રીતે વર્ણવ્યો છે. પ્રારંભમાં 'મિચ્છામિ દુક્કડમ્'ની ઉપયોગિતા, એનો ભાવાર્થ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિશદ રીતે વર્ણવી પાછળથી ૧૦૧ પ્રકારે 'મિચ્છામિ દુક્કડમ્'ના હૃદયસ્પર્શી પાઠો મૂક્યા છે. એમાં પણ પરમાત્માના વિશેષણને સ્પર્શતો ક્ષમાનો ભાવ ખૂબજ સુંદર રીતે બતાવ્યો છે.

પ્રસ્તુત ગ્રંથ કેવળ વાંચવા માટેનો ગ્રંથ નથી પણ સ્વાધ્યાય ગ્રંથ છે. પ્રભાતના પ્રથમ પ્રહરે–અને સાંજે સૂતી વખતે–આ પુસ્તકને હાથમાં રાખી મુમુક્ષુ આત્માઓએ ભાવપૂર્વક દુષ્કૃતની ક્ષમા યાચવી નતમસ્તકે 'મિચ્છામિ દુક્કડમ્' માગતા રહેવું.

કષાયોની કલુષિતતાને-ભવભ્રમણની ભેદી જાળને-ઉચ્છેદવા માટે આ પુસ્તકનું વાંચનમનન નિદિધ્યાસન અત્યંત જરૂરી છે.

'મિચ્છામિ દુક્કડમ્'ના મર્મને સુંદર રીતે રજુ કરનાર મુનિરાજશ્રી ખરેખર! આત્માભિમુખ બનેલા છે. ઉત્કટ ત્યાગી-નિસ્પૃહી છે. સ્વયં જે ભાવોને જીવનમાં વણી શકયા છે એજ ભાવોને પુસ્તકમાં કલમ દ્વારા ઉતાર્યા છે.

બને તેટલી વધુ વેળા આ પુસ્તકનું વાંચન નિયમિત કરવું હિતાવહ છે.

દશાપોરવાડ સોસાયટી
'મુક્તિદ્વાર'
જૈન ઉપાધ્યાય પાલડી અમદાવાદ–૭
કા. શુ. ૮ ૨૦૩૪

પન્યાસ રાજેન્દ્ર વિજયગણી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ :

શ્રી ગુરવે નમઃ

# મુમુક્ષુ અને મિચ્છામિ દુક્કડં

મુમુક્ષુ અને મિચ્છામિ દુક્કડં અલગ અલગ રહી શકતા નથી. શરીરની છાયાની જેમ મુમુક્ષુ અને મિચ્છામિ દુક્કડં રહે છે. જે મુમુક્ષુના જીવનમાં મિચ્છામિ દુક્કડંનું પ્રધાન સ્થાન નથી છે તે સાચો મુમુક્ષુ જ નથી. મોક્ષના એવરેસ્ટ શીખર ઉપર ચઢવા આ મિચ્છામિ દુક્કડં રૂપી મિત્રની મદદની જરૂર પડે જ છે. જે મિચ્છામિ દુક્કડંને પોતાનો પરમ પ્રિયમિત્ર બનાવતો નથી તે મોક્ષ મેળવી શકતો નથી. મોક્ષયાત્રામાં આ મિત્રની પગલે-પગલે જરૂર પડે છે. તેથી મોક્ષયાત્રાના ઇચ્છુએ આ મિચ્છામિ દુક્કડં મિત્ર સાથે પાકી દોસ્તી બાંધવી જોઈએ.

અત્યાર સુધીમાં જે અનંતા જીવો મોક્ષમાં ગયા, ભવિષ્યમાં અનંતા જીવો મોક્ષમાં જશે અને વર્તમાનમાં મોક્ષમાં જઈ રહ્યા છે તે આ મિચ્છામિ દુક્કડંની પરમ-કૃપાથી જ.

મોક્ષના અસંખ્યેય યોગોમાંથી જો આ એકજ મિચ્છામિ દુક્કડં ને કાઢી નાંખીએ તો બાકીના તમામ મોક્ષયોગો મોક્ષ અપાવવા અસમર્થ બની જાય. આ એક જ મિચ્છામિ દુક્કડં ના યોગ સઘળાયે યોગોને સફળ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બનાવનારો છે. મિચ્છામિ દુક્કડં પ્રત્યેક મુમુક્ષુને ઘોષણા કરીને કહે છે કે હે મુમુક્ષુઓ ! જો તમારે મોક્ષ જોઈતો હોય તો મારા શરણે આવો. હું તમને મોક્ષ અપાવવાની ગેરંટી આપું છું. જેણે ભાવથી મારું શરણ સ્વીકાર્યું તેને મેં મોક્ષ અપાવ્યો જ છે. મોક્ષના તમામ યોગોનો આગેવાન હું જ છું. મારી મહેરબાની વગર કોઇ બીજો મોક્ષયોગ કોઈને પણ મોક્ષ અપાવી શકતો નથી. મારું સ્વરૂપ ગૂઢ છે. તેથી મારા ગૂઢ સ્વરૂપને, મારા મહત્ત્વને, મારા મહિમાને મારી પ્રચંડ શક્તિને નિકટ મોક્ષગામી સૂક્ષ્મ બુદ્ધિશાળી જીવો જ જાણી શકે છે. હું બહુ જાહેરમાં આવતો નથી. હું મોટેભાગે ગુપ્ત રહીને જ મુમુક્ષુઓને મદદ કરું છું. જેના હૃદયમાં મારું સ્થાન તેનું સ્થાન મોક્ષમાં નિશ્ચિત જાણવું. જ્યાં સુધી મુમુક્ષુએ મને હૃદયમાં ધારણ કર્યો નથી ત્યાં સુધી તેનું કદીએ ઠેકાણું પડતું નથી. મારી જેણે સમ્યગ્ આરાધના કરી તેણે અનંતની યાત્રા કરી સમજો.

તપ જપ જ્ઞાન ધ્યાન સંયમ સાધનાને સફળ બનાવવાનું કામ મારૂં છે.

છ અક્ષરોનો મારો દેહ છે. તેથી તેમાંથી એક પણ અક્ષરરૂપી અવયવની જો તમે અવજ્ઞા કે અનાદર કરશો તો મારા સમસ્ત દેહની અવજ્ઞા કે અનાદર કર્યો ગણાશે. હું તો તેના ઉપર જ પ્રસન્ન થાઉં છું કે જે મુમુક્ષુ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મારા એકેક દેહની પૂર્ણ પ્રેમથી પૂજા કરે. કેમકે મારા દેહનો એકેક અવયવ ખૂબજ મહત્ત્વનો છે. તેથી એક ખંડિત થતાં બીજા પાંચે અવયવો ખંડિત બની જાય છે. જેમ અઢાર હજાર શિલાંગરથમાંથી એકપણ શિલાંગનું ખંડન કરનારો કે અનાદર કરનારો સાધુ વાસ્તવમાં સંપૂર્ણ અઢાર હજાર શિલાંગરથનું ખંડન કરનારો છે.

હવે મિચ્છામિ દુક્કડંના એકેક અક્ષરના અર્થનો વિચાર કરીએ.

યોગશાસ્ત્રમાં પૂજ્યપાદ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજાએ 'મિચ્છામિ દુક્કડં'ના એકેક અક્ષરનો અર્થ નીચે પ્રમાણે કર્યો છે.

મિ – માદેવતા—નમ્રતાના અર્થમાં છે. મિ' ભાવ નમ્રતાનો સૂચક છે. તેથી મૃદુ બનવા માનનો ત્યાગ અનિવાર્ય છે.

છ – દોષને રોકવાના અર્થમાં છે. આ 'છ' કહે છે કે દોષોનું સેવન ચાલુ રાખીને સાચો મિચ્છામિ દુક્કડં નહિ દેવાય. તેથી તું દોષ સેવન પ્રથમ બંધ કર.

મિ – મર્યાદાના અર્થમાં છે. સંયમની કે ધર્મની મર્યાદામાં રહીને જ સાચો મિચ્છામિ દુક્કડં દેવાય. ચારિત્રની કે ધર્મની મર્યાદાઓનું ઉલ્લઘંન કરીને તો દોષ સેવ્યો. હવે પુનઃ ધર્મની કે ચારિત્રની મર્યાદામાં આવીને મિચ્છામિ દુક્કડં દેવાનો છે. તેની બહાર રહીને દીધેલો મિચ્છામિ દુક્કડં મિથ્યા જાય છે. તેનું કાંઈ જ ફળ મળતું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુ – દુષ્કૃત કરનારા એવા મારા આત્માની હું નિંદા કરૂં છું. દુ' શબ્દ દુષ્કૃતની નિંદા કરવાના અર્થમાં છે. તેથી પોતાના આત્માને ધિક્કારવાનો કે–'મારા આત્માને ધિક્કાર હો કે જેણે આવું ભયંકર દુષ્કૃત–પાપ કર્યું. હું મહાપાપી છું' હું મહા દુર્ગુણી શિરોમણિ છું મારા જેવો જગતમાં આવો મહાપાપી બીજો કોણ હશે ? ' હું અકાર્યકારી–મહા અધર્મી છું' આવી રીતે પોતાના આત્માની નિંદા કરતાં કરતાં મિચ્છામિ દુક્કડં દેવાનો છે.

ક – કૃતં મયા પાપં ! મેં પાપ કર્યું છે એના સ્વીકારનું પ્રતિક છે. કરેલા પાપના કે દોષના સમ્યગ્ સ્વીકાર વગર દીધેલો મિચ્છામિ દુક્કડં નિષ્ફળ જાય છે. કરેલા પાપનો કે દોષનો સ્વીકાર કરવો નથી, પોતાની જાતને નિર્દોષ માનવી છે, કરેલા અપરાધોનો ઈન્કાર કરવો છે, દોષનો સ્વીકાર કરતાં ખોટાં બહાનાં કાઢવાં છે, જાણીને અપરાધ કર્યો હોય અને કહેવું છે કે મેં અજાણતાં અપરાધ કર્યો છે. મોટો અપરાધ કર્યો હોય તેને નાનો માની–અલ્પ માની, સામાન્ય માની સ્વીકાર કરે, પોતાની હલકાઈ થવાના ભયે થયેલા અપરાધને કબુલે નહિ, કબૂલવામાં ગલ્લાં–તલ્લાં કરે, મહા મુશ્કેલીએ પોતાનો અપરાધ કબૂલ કરે તો મિચ્છામિ દુક્કડં દેવાના સાચા લાભથી વંચિત રહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ડં – પુનઃ હું એવું દુષ્કૃત નહિ કરૂં એવા નિશ્ચયનો સૂચક છે. હૃદયમાં દોષનિવર્તનનો ભાવ નથી, પુનઃ એનો એ દોષ સેવવાનું મન છે તો દીધેલો મિચ્છામિ દુક્કડં સફળ થતો નથી.

પુનઃ દોષ અકરણનો ભાવ હૃદયમાં જોઈએ. ના, હું તો દોષ સેવું પણ ખરો, મારૂં કાંઈ નક્કી નહિ. આવા દઢ નિશ્ચય વગર દીધેલો મિચ્છામિ દુક્કડં મોક્ષ દાયક બનતો નથી.

મિચ્છામિ દુક્કડં દેતી વખતે હૃદયમાં દોષો પ્રત્યે એટલી બધી ભયંકર ઘૃણા–દુગંછા જોઇએ કે હવેથી–આજથી–આજ સમયથી દોષ સેવું જ નહિ. પ્રાણાંત કષ્ટમાં પણ દોષ સેવું નહિ. મારા ઉપર દુઃખના ડુંગર તૂટી પડે તોપણ ફરીથી આવું પાપ કરૂં નહિ.' આનું નામ સાચો મિચ્છામિ દુક્કડં. હવે સમસ્ત મિચ્છામિ દુક્કડંનો ભેગો અર્થ વિચારીએ–

મ્લેચ્છની માફક મેં જે દુષ્ટ આચારણ પાપ કર્યું તેને માન મૂકી, દોષને રોકી, ધર્મની મર્યાદામાં રહી, દોષકારી મારા આત્માની નિંદા કરતો, મારા અપરાધને કબુલ કરતો તે પાપથી હું પાછો ફરું છું.

આ મિચ્છામિ દુક્કડં અર્થ આત્માના પ્રદેશે પ્રદેશે ભાવિત થવો જોઇએ. મિચ્છામિ દુક્કડં દેતી

મુ. મિ. દુ. ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વખતે તેને અનુરૂપ લેશ્યા ( ભાવ ) પ્રગટ થવી જોઈએ.

મિચ્છામિ દુક્કડ'ની લેશ્યા આવી જાય તો મોક્ષલક્ષ્મી દૂર નથી. બહુજ સૂક્ષ્મ આ પ્રક્રિયા છે. પણ તીવ્ર સંવેગ આવ્યા પછી આ સૂક્ષ્મ પ્રક્રિયા આવતાં વાર લાગતી નથી. તીવ્ર સંવેગ વિના તો સાચી મિચ્છામિ દુક્કડ'ની પ્રક્રિયા છેટી જ રહે છે. હવે મિચ્છામિ દુક્કડં'ના એકેક અક્ષર અને તેના અર્થમાં ચિત્તનો ઉપયોગ રાખી ચાલો આપણે આ જન્મમાં અને પૂર્વના અન્ય જન્મોમાં કરેલા દુષ્કૃત્યો બદલ હૃદયપૂર્વક મિચ્છામિ દુક્કડં દઈએ–

(૧) હે દેવાધિદેવ ! આજસુધીમાં તારી આજ્ઞાવિરુદ્ધ જે કાંઈ મન વચન કાયાથી કર્યું કરાવ્યું અનુમોદ્યું હોય તેનો મિચ્છામિ દુક્કડં

(૨) હે ત્રિભુવનગુરૂ ! જાણતાં–અજાણતાં, રાગ દ્વેષ મોહને, અજ્ઞાન લોભને, વિષય કષાયને, અને પ્રમાદને આધીન બની તારી, તારા સંઘની, તારા પ્રવચનની, જિનમંદિરની, જિનમૂર્તિની, શત્રુંજયાદિ તીર્થોની, જ્ઞાન–જ્ઞાનીની, ગુણીની, ઉપકારીઓની, જ્ઞાનના સાધનોની મેં આશાતના–અવિનય કર્યો હોય તો મિચ્છામિ દુક્કડં.

(૩) હે ત્રિભુવનનાથ ! તારા સિવાય બીજા દેવોનાં મેં દર્શન કર્યાં, વંદન કર્યાં, સેવા–ભકિત–પૂજા કરી, સ્તવ્યા, સત્કાર–સન્માન કર્યો, મહિમા કર્યો, પ્રશંસા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરી, અનુમોદના કરી, ધ્યાન કર્યું, ગુણગાન ગાયાં, તેઓનું નામ સ્મરણ કર્યું, તેઓની આજ્ઞા માની, તેઓની આગળ નાચ કર્યું, નાટક કર્યું, તેઓની અલંકારપૂજા–વસ્ત્રપૂજા, ગીત વાજિત્રંપૂજા નાદપૂજા કરી, તેઓને જોઈ ખુશ થયો, તેઓને જ સાચા દેવ માન્યા, તેઓ આગળ પ્રાર્થના કરી, સ્તુતિ કરી, તેઓને પરમ ઉપાસ્ય, પરમ આરાધ્ય, પરમ શરણ્ય, પરમ ધ્યાતવ્ય, પરમપૂજ્ય, પ્રાતઃસ્મરણીય, પરમ નમસ્કરણીય પરમ શ્રદ્ધેય, પરમ આદરણીય માન્યા તે બદલ મિચ્છામિ દુક્કકડં

(૪) હે ત્રિભુવન ધણી ? છતા સંયોગે મેં પ્રમાદવશ, અનાદરકારણે, તારા પ્રત્યેના દ્વેષના કારણે, સાંસારિક ઉપાધિના કારણે, કૌતુકને વશ મેં તારાં દર્શન–વંદન–પૂજન–સત્કાર–સન્માન–સ્પર્શન–સ્મરણ, ધ્યાન, સ્તુતિ, સ્તવના, ગીતગાન, નૃત્ય, નાટક, અલંકારપૂજા, વસ્ત્ર-પૂજા, નાદપૂજા, સ્નાત્ર મહોત્સવ, મહાપૂજા, શાન્તિ–સ્નાત્ર, અષ્ટોત્તરીસ્નાત્ર, અર્હદ્પૂજન, તારાં મંદિરોનો નવનિર્માણ, તારી મૂર્તિઓનાં નવનિર્માણ, તારા મંદિરોના જિર્ણોદ્ધાર, તારી આજ્ઞાનું પાલન, તારા વચનનો આદર, તારી વાણીનું શ્રવણ, શ્રદ્ધાન, કીર્તન, તારો મહિમા, તારી વાણીનો મહિમા વગેરે ન કર્યાં તેનો મિચ્છામિ દુક્કડં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૫) હે ત્રિભુવન નેતા ! તારો અને તારા સંઘનો, તારા પ્રવચનનો, તારા ધર્મનો, સુગુરૂઓનો, ગણધર ભગવંતોનો, આચાર્ય ભગવંતોનો, ઉપાધ્યાય ભગવંતોનો, તપસ્વીઓનો, સંયમી પુરુષોનો, ગુણીજનોનો, જેટલા પ્રમાણમાં આદર–સત્કાર કરવો જોઈએ તેટલો ન કર્યો તેનો મિચ્છામિ દુક્કડં

(૬) હે ત્રિભુવન સ્વામિ ! છતી શક્તિએ મેં તારા સંઘની, તારા શાસનની, મંદિર–મૂર્તિઓની, શત્રુંજયાદિ તીર્થોની, તારા આગમોની, દેવદ્રવ્યની, ગુરૂદ્રવ્યની, જ્ઞાનદ્રવ્યની, સાધારણ દ્રવ્યની રક્ષા ન કરી, ઉપેક્ષા કરી તેનો મિચ્છામિ દુક્કડં

(૭) હે નિષ્કારણ બંધુ ? છતી શક્તિએ મેં તન મન ધનથી સાત ક્ષેત્રોની ભક્તિ ન કરી તેનો મિચ્છામિ દુક્કડમ્

(૮) હે ત્રિભુવન બાંધવ ! છતી શક્તિએ મેં તારા પ્રવચનની ઉન્નતિ, તીર્થની ઉન્નતિ, સંઘની ઉન્નતિ ન કરી તેનો મિચ્છામિ દુક્કડં

(૯) હે જગદાધાર ! છતી શક્તિએ મેં સાધ્વીઓ અને સતીઓના શીલની રક્ષા ન કરી તેનો મિચ્છામિ દુક્કડં

(૧૦) હે અનાથના નાથ ! છતી શક્તિએ મેં દાન ન દીધું, શીલ ન પાળ્યું, તપ ન કર્યો, ભાવ ધર્મની આરાધના ન કરી તેનો મિચ્છામિ દુક્કડં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૧) હે અશરણના શરણ ! સાચી શક્તિએ મેં સુપાત્રદાન, અનુકંપા દાન, અભયદાન, ધર્મદાન, જ્ઞાનદાન, ઉચિત-દાન ન દીધું તેનો મિચ્છામિ દુક્કડં

(૧૨) હે અબંધુના બંધુ ! છતી શક્તિએ તારાં પંચકલ્યા-ણકો ન ઉજવ્યાં, તારાં પાંચ કલ્યાણકોની આરાધના ન કરી, તારાં પાંચે કલ્યાણકોના ભવ્ય વરઘોડા ન કાઢયા, ન જોયા, ન વરઘોડામાં ગયો તેનો મિચ્છામિ દુક્કડં

(૧૩) હે અસહાયના સહાય ! છતી શક્તિએ રથયાત્રાનો, જલયાત્રાનો વરઘોડો ન કાઢયો, દિક્ષાર્થીઓના વર-ઘોડા ન કાઢયા, તપસ્વીઓના વરઘોડા ન કાઢયા, ન જોયા ન તે વરઘોડામાં ગયો, છતી શક્તિએ શાસ-નની શોભા ન વધારી તેનો મિચ્છામિ દુક્કડં

(૧૪) ત્રિભુવન પિતા ! છતી શક્તિએ પર વાદીઓના પડકારને ન ઝીલ્યો, પરવાદીઓને છતી શક્તિએ પરાજિત ન કર્યા, તેથી જિનશાસનની છાયાનો ઘાત કર્યો તેનો મિચ્છામિ દુક્કડં

(૧૫) ત્રિભુવન માતા ! છતી શક્તિએ તારા પ્રવચનનું માલિન્ય ન અટકાવ્યું, પ્રવચનની અવહીલના કરી-કરાવી-અનુમોદી તેનો મિચ્છામિ દુક્કડં

(૧૬) ત્રિભુવન રક્ષક ! છતી શક્તિએ સાધર્મિકોની ભક્તિ, બહુમાન ન કર્યું, તેઓનો ઉદ્ધાર ન કર્યો, સંકટમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેઓને મદદ ન કરી, તેઓને ધર્મસધાનામાં સહાય ન કરી તેનો મિચ્છામિ દુક્કડં

(૧૭) હે સકલજીવજંતુ વત્સલ ! છતી શક્તિએ મેં આદરથી સંઘપૂજન, ગુરૂપૂજન, જ્ઞાનપૂજન ન કર્યાં તેનો મિચ્છામિ દુક્કડં.

(૧૮) હે વિશ્વ હિતકારી ! છતી શકિતએ મેં તારાં આગમો લખ્યાં-લખાવ્યાં નહિ, જ્ઞાન ભંડારો કર્યા કરાવ્યા નહિ, જ્ઞાનભંડારોની રક્ષા ન કરી તેનો મિચ્છામિ દુક્કડં.

(૧૯) હે સર્વજીવોના હિતચિંતક ! છતી શકિતએ છ'રિ પાળતા સંઘો કાઢયા નહિ, છ'રી પાળતા સંઘનું સામૈયું ન કર્યું, સંઘના સામૈયામાં ન ગયો, સંઘની ઉત્તમ પ્રકારના આહાર પાણીથી ભકિત ન કરી, સંઘને ઉતરવા માટે ઉત્તમ વ્યવસ્થા ન કરી, સંઘને વળાવવા ન ગયો તેનો મિચ્છામિ દુક્કડં.

(૨૦) હે ત્રિભુવન શણગાર ! છતી શકિતએ તારો મહિમા, તારા ધર્મનો મહિમા, તારા પ્રવચનનો મહિમા, તારા સંઘનો મહિમા, તારી વાણીનો મહિમા, નવકાર મંત્રનો મહિમા, નવપદનો મહિમા, ધર્મદાતા ગુરૂઓનો મહિમા ન કર્યોન વધાર્યો તેનો મિચ્છામિ દુક્કડં.

(૨૧) હે ત્રિભુવન ભૂષણ ! છતી શકિતએ તારી સ્તુતિ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તારા આગમની સ્તુતિ, ગુરૂસ્તુતિ ગુણીજનોની સ્તુતિ ન કરી તેનો મિચ્છામિ દુક્કડં.

(૨૨) હે ત્રિભુવન સુખકારી ! છતી શકિતએ વિધિપૂર્વક તારી આગળ મેં ચૈત્યવંદન, દેવવંદન પ્રદક્ષિણા, પ્રણામ, પૂજા, પ્રાર્થના ન કરી તેનો મિચ્છામિ દુક્કડં.

(૨૩) હે ત્રિભુવન હિતકારી ! તારા મંદિરની ૮૪ આશાતનાઓમાંથી કોઈપણ આશાતના મારાથી જાણતાં-અજાણતાં થઈ ગઈ હોય તો મિચ્છામિ દુક્કડં.

(૨૪) હે ત્રિભુવન નાયક ! મેં અનાડી બની તારા ત્રિભુવન નાયકપણાનો સ્વીકાર ન કર્યો તેનો મિચ્છામિ દુક્કડં.

(૨૫) હે ત્રિભુવન તારક ! મેં અશ્રદ્ધેયની શ્રદ્ધા કરી, અપૂજ્યની પૂજા કરી, અપ્રશંસીયની પ્રશંસા કરી. અસેવનીયની સેવા કરી, ઉપાસ્યની ઉપાસના કરી, અધ્યાતવ્યનું ધ્યાન ધર્યું તેનો મિચ્છામિ દુક્કડં.

(૨૬) હે પરમપુરુષ ! મેં તારા કરતાં બીજા દેવો વગેરેને મોટા-મહાન માન્યા, તેઓનો મહિમા કર્યો. તેઓની મૂર્તિઓ-મંદિરો બનાવ્યા તેનો મિચ્છામિ દુક્કડં.

(૨૭) હે પરોપકાર વ્યસની ! કુદેવને સુદેવ, સુદેવને કુદેવ, સુગુરૂને કુગુરૂ, કુગુરૂને સુગુરુ, કુધર્મને સુધર્મ, સુધર્મને કુધર્મ, પુણ્ય માર્ગોને પાપ માર્ગો, પાપ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માર્ગોને પુણ્ય માર્ગો, આશ્રવને સંવર, સંવરને આશ્રવ, જીવને અજીવ, અજીવને જીવ, સચેતનને અચેતન, અચેતનને સચેતન, ભવના હેતુઓને મોક્ષના હેતુઓ, મોક્ષના હેતુઓને ભવના હેતુઓ, રૂપીને અરૂપી, અરૂપીને રૂપી, નિત્યને અનિત્ય, અનિત્યને નિત્ય, કર્તવ્યને અકર્તવ્ય, કર્તવ્યને અકર્તવ્ય, શુચિને અશુચિ, અશુચિને શુચિ, સંયમીને અસંયમી, અસંયમીને સંયમી, પૂજ્યને અપૂજ્ય, અપૂજ્યને પૂજ્ય, અતપસ્વીને તપસ્વી, તપસ્વીને અતપસ્વી, બ્રહ્મચારીને અબ્રહ્મચારી, અબ્રહ્મચારીને બ્રહ્મચારી, ત્યાગીને અત્યાગી, અત્યાગીને ત્યાગી, વૈરાગીને અવૈરાગી, અવૈરાગીને વૈરાગી, દાનીને અદાની, અદાનીને દાની, માનનીયને અમાનનીય, અમાનનીયને માનનીય માન્યા તેનો હાર્દિક મિચ્છામિ દુક્કડં

(૨૮) હે અચિન્ત્ય ચિંતામણિ! મેં ઉપકારીઓ ઉપર અપકાર કર્યા, ઉપકારીઓના ઉપકારોને ભૂલી ગયો, તેઓના ઉપકારોને નિરંતર સ્મૃતિપથમાં ન રાખ્યા, ઉપકારીઓની નિંદા, અવજ્ઞા, તિરસ્કાર કર્યો. ઉપકારીઓને સંકટમાં સહાય ન કરી, તેઓનું ગૌરવ ન કર્યું, તેઓનો મહિમા ન કર્યો, તેઓની સ્તુતિ ન ન કરી, તેઓના વચનનો અનાદર કર્યો, તેઓનો ઉચિત વિનય, સેવા–ભક્તિ ન કરી, તેઓ ઉપર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બહુમાન ન થયું તેનો મિચ્છામિ દુક્કડં.

(૨૯) હે સકલમનોરથ સુરતરુ ! મેં બીજાઓના ઉત્કર્ષમાં ઈર્ષ્યા કરી, અપકર્ષમાં આનંદ પામ્યો, બીજાઓના સુખનો–સંપત્તિનો નાશ કર્યો, તેઓના દુઃખમાં રાજી થયો, જાણીને બીજાઓને દુઃખી કર્યા, અશાતા ઉપ–જાવી, અસમાધિ ઉપજાવી, શોક સંતાપ કરાવ્યા, તેઓ ઉપર ખોટા આક્ષેપો લગાવ્યા, તેઓની નિંદા કરી તેઓને હલકા પાડયા, તિરસ્કાર કર્યા, કડવાં વચન સંભળાવ્યાં, ગાળો દીધી, તેઓની ખાનગી વાત જાહેર કરી દીધી, તેઓ ઉપર ખૂબ ક્રોધ કર્યો, તેઓની આગળ ખૂબજ અભિમાન કર્યું, તેઓને ખોટી સલાહ આપી, ખોટો રસ્તો બતાવ્યો, તેઓને ઠગ્યા, તેઓનો વિશ્વાસઘાત કર્યો, અન્યાય કર્યો, તેઓને વચન આપીને ફરી ગયો, તેઓ વિરુદ્ધ ખોટા કૂટલેખ લખ્યા, તેઓની સંપત્તિ લૂંટી લીધી, તેઓને લાભમાં અંતરાય કર્યો, ભોગ–ઉપભોગમાં અંતરાય કર્યો, તેઓ સાથે ઝગડાલડાઈ–કંકાસ કર્યો, નારદવેડા કરી તેઓને આપસ આપસમાં લડાવી માર્યા, તેઓ સાથે વૈર–વિરોધ રાખ્યો, તેઓ સાથે અબોલા લીધા, તેઓ ઉપર દ્વેષકર્યો, તેઓના વંશ, કુલનો નાશ કર્યો–કરાવ્યો, તેઓ ઉપર મંત્રો–તંત્રોના પ્રયોગ કર્યા આવા દુષ્ટ કાર્યોનો મિચ્છામિ દુક્કડં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩૦) હે દયા સાગર ! મેં બીજાઓને દાન દેતાં, શીલ પાળતાં, તપ કરતાં, વ્રત–નિયમ લેતાં–પાળતાં, જ્ઞાન–ધ્યાન કરતાં, સામાયિક–પ્રતિક્રમણ પૌષધાદિ ક્રિયાઓ કરતાં, જિનપૂજા–ભક્તિ કરતાં ગુરૂ ભકિત કરતાં, સાધર્મિકભકિત કરતાં, સંઘભકિત–પૂજા કરતાં, ગુરૂ પૂજન, જ્ઞાનપૂજન, સાધર્મિક વાત્સલ્ય કરતાં, તપસ્વીઓનું બહુમાન કરતાં, દીક્ષાર્થીઓનું બહુમાન કરતાં, સુગુરૂઓનાં સામૈયાં કરતાં, જિનેન્દ્ર મહોત્સવ કરતાં, જિનમંદિર બંધાવતાં, જિનમૂર્તિ ભરાવતાં, અંજન શલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ કરતાં, રથયાત્રાના–જલયાત્રાના વરઘોડા કાઢતાં, દીક્ષા મહોત્સવ કરતાં, દીક્ષા લેતાં, દીક્ષા પાળતાં જે અંતરાય કર્યો, વિઘ્નો નાંખ્યાં તે બદલ હાર્દિક મિચ્છામિ દુક્કડં.

(૩૧) હે દીનબંધુ ! તારા સંઘ અને શાસનનો શત્રુ બની તારા સંઘ અને શાસનનું અનિષ્ટ કર્યું તેનો હાર્દિક મિચ્છામિ દુક્કડં.

(૩૨) હે ત્રિભુવનૈક મંગલ ! મેં આ જન્મમાં, ગત જન્મોમાં કાંઈપણ જાણતાં–અજાણતાં રાગ દ્વેષને, અજ્ઞાન–લોભને આધીન બનીને છકાયના જીવોનું અમંગલ–અશુભ મન વચન કાયાથી કર્યું કરાવ્યું અનુમોદ્યું હોય તો હાર્દિક મિચ્છામિ દુક્કડં.

(૩૩) હે લોક પ્રદીપ ! તારા આગમ વિરુદ્ધ કાંઈ પણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બોલ્યો, લખ્યું તેનો મિચ્છામિ દુક્કડં.

(૩૪) હે લોક પ્રદ્યોતકર ! છતી શકિતએ શ્રુત ભણ્યો નહિ, ભણીને પ્રમાદથી ભૂલી ગયો, છતી શકિતએ શ્રુતને સાચવ્યું નહિ, માત્ર સૂત્ર ભણ્યો, માત્ર અર્થ ભણ્યો, સૂત્ર ભણ્યો, પણ તેનો અર્થ ન ભણ્યો, અર્થ ભણ્યો, પણ મૂલ સૂત્ર ન ભણ્યો, ભણીને બીજાઓને ભણાવ્યું નહિ, સૂત્રના અર્થની અનુપ્રેક્ષા ન કરી, શ્રુત ભણતાં ભણાવનાર ગુરૂનો વિનય-ભકિત-બહુમાન ન કર્યું, ગુરૂનું નામ છૂપાવ્યું, અકાલે ભણ્યો, કાલે ન ભણ્યો, ઉપધાન-યોગોદ્વહન કર્યા વગર ભણ્યો તેનો મિચ્છામિ દુક્કડં.

(૩૫) હે શિવમાર્ગ દર્શક ! મેં સમ્યગ્ યથાશકિત જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારનું પાલન ન કર્યું, ન કરાવ્યું, ન અનુમોદ્યું તેનો મિચ્છામિ દુક્કડં.

(૩૬) હે શિવભવાટવી લંઘન સાર્થવાહ ! જેટલા પ્રમાણમાં શુદ્ધ દેવગુરૂ ધર્મનું બહુમાન કરવું જોઈએ તેટલા પ્રમાણમાં મેં બહુમાન ન કર્યું, ન કરાવ્યું તેનો મિચ્છામિ દુક્કડં.

(૩૭) હે દુઃખી જનવત્સલ ! દુઃખી જીવોની, પૂરપીડિત જીવોની છતી શક્તિએ સાર સંભાળ ન કરી તેનો મિચ્છામિ દુક્કડં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩૮) હે શરણાગત વત્સલ ! વિશ્વાસથી મારા શરણે આવેલાઓનાં ગળાં કાપ્યાં, દ્રોહ કર્યા, ભવભયથી મારા શરણે આવેલાઓને ભવસાગરમાં ડૂબાડયા, પાલનીયનું પાલન ન કર્યું પ્રાણીઓને રીબાવ્યા, ત્રાસ આપ્યા, માર્યા, પીટયા, ભૂખ્યા, તરસ્યા રાખ્યા, બંધને બાંધ્યા, જેલમાં નાંખ્યા, નંખાવ્યા, ક્રૂર મશ્કરીઓ કરી અંગોપાંગ કાપ્યાં, કપાવ્યાં, હિંસકોને હિંસા કરવાનાં સાધનો આપ્યાં, મૃત્યુથી ભયભીત જીવોને છતી શક્તિએ બચાવ્યા નહિ, માંદા મનુષ્યોની, પશુઓની સાર સંભાળ ન કરી. તે બદલ હાર્દિક મિચ્છામિ દુક્કડં.

(૩૯) હે આપ્ત શિરોમણિ ! મેં આ જન્મમાં-ગત, જન્મોમાં ધર્મદ્રોહ, સંઘદ્રોહ, શાસનદ્રોહ, મિત્રદ્રોહ, પિતૃદ્રોહ, ભ્રાતૃદ્રોહ વગેરે કર્યા તેનો મિચ્છામિ દુક્કડં.

(૪૦) હે નિઃસ્પૃહ શિરોમણિ ! મેં ધન-ધંધામાં, સ્ત્રીઓમાં પુત્ર-પરિવારમાં, રમતગમતમાં, નાટક નૃત્ય જોવામાં, ખાવા-પીવામાં-અલંકાર-વસ્ત્રોમાં, બંગલા, બાગ-બગીચા-મોટર-લગ્નાદિ-મહોત્સવોમાં જેટલો રસ લીધો તેટલો રસ તારી સેવામાં, સુગુરૂઓની સેવામાં, શાસન સેવામાં, સંઘ સેવામાં, સાધર્મિક ભક્તિમાં, જ્ઞાન-ધ્યાનમાં, તપ ત્યાગમાં ન લીધો તેનો મિચ્છામિ દુક્કડં.

(૪૧) હે સર્વગુણીગણ ચક્રવર્તી ! મેં અદર્શનીયનું દર્શન,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અશ્રવણીયનું શ્રવણ, અપ્રશંસીયની પ્રશંસા, અપઠનીયનું પઠન, અભક્ષ્યનું ભક્ષણ, અપેયનું પાન, અગમ્યનું ગમન, અકર્તવ્યનું કરણ, અસ્મરણીયનું સ્મરણ વગેરે કર્યું. તેનો મિચ્છામિ દુક્કડં.

(૪૨) હે અનંતગુણ નિધાન! વિધિમાર્ગનું પ્રતિપાદન ન કર્યું, અવિધિનો નિષેધ ન કર્યો, વિધિનો રાગપક્ષપાત ન કર્યો, વિધિમાર્ગમાં બીજાઓને જોડવા પ્રયત્ન ન કર્યો, વિધિપૂર્વક ક્રિયા કરનારાઓની અનુમોદના–પ્રશંસા ન કરી અને મેં અવિધિથી અનાદરથી શૂન્ય ચિત્તે ક્રિયાઓ કરી તેનો મિચ્છામિ દુક્કડં.

(૪૩) હે અનંત ગુણસાગર! મેં તને જેની તેની સાથે સરખાવ્યા–તુલના કરી તેનો મિચ્છામિ દુક્કડં.

(૪૪) હે સમતાના સાગર! મેં સંયમ લઈ સમતાની સાધના ન કરી, મમતાનો મોહ ન છોડયો તેનો મિચ્છામિ દુક્કડં.

(૪૫) હે ક્ષમામૂર્તિ! હું સંયમ લઈને ક્ષમાશ્રમણ કહેવરાવવા છતાં ક્ષમામૂર્તિ ન બન્યો તેનો મિચ્છામિ દુક્કડં.

(૪૬) હે સાક્ષાત્ તપોમૂર્તિ! હું દીક્ષા લઈને પણ તપ રૂપી ભગવાનની સેવા કરવાને બદલે વારંવાર ખાવા–પીવામાં પાવરધો બન્યો તેનો મિચ્છામિ દુક્કડં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૪૭) હે અનંત ગુણમૂર્તિ ! જેવો રસ મને પૌદ્ગલિક વાતોમાં આવ્યો તેવો રસ તારી ભકિતમાં, ધર્મદાતા ગુરૂની ભકિતમાં, જ્ઞાન ધ્યાનમાં ન આવ્યો તેનો મિચ્છામિ દુક્કડં

(૪૮) હે નિર્મોહિ ! મેં આ જન્મોમાં-ગતજન્મોમાં જે બીજાઓને ધર્મશ્રદ્ધાથી, દેવ ગુરૂ ઉપરની શ્રદ્ધાથી, વ્રતથી, નિયમથી, ચારિત્રથી, જિનવચન પરની શ્રદ્ધાથી ભ્રષ્ટ કર્યા તેનો મિચ્છામિ દુક્કડં

(૪૯) હે નિર્મમ ! મેં સંયમ લઈને ઉત્સર્ગના સ્થાને અપવાદ, અપવાદના સ્થાને ઉત્સર્ગ અને અપવાદ સેવ્યો તે પણ પુષ્ટ આલંબન વગર. અજયણાથી તેનો મિચ્છામિ દુક્કડં

(૫૦) હે સર્વજ્ઞ પ્રભો ! મેં દીક્ષા જીવનમાં તારા વચનાનુસાર મન વચન કાયાની પ્રવૃત્તિઓ ન રાખી, આગમાનુસારી જીવન ન જીવ્યો. સ્વેચ્છાચારી જીવન જીવ્યો તેનો મિચ્છામિ દુક્કડં.

(૫૧) હે સર્વદર્શી ! યતિ ધર્મનો સ્વીકાર કરીને પણ મેં ક્ષમાદિ દશ પ્રકારનો યતિધર્મ સમ્યગ્ આરાધ્યો નહિં તેનો મિચ્છામિ દુક્કડં

(૫૨) હે વીતરાગ ! સંયમ જીવનસ્વીકારવા છતાં મારી પાંચ ઇન્દ્રિયો, મન અને કષાય ઉપર સંયમ ન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાખ્યો, તેનો મિચ્છામિ દુક્કડં

(૫૩) હે રાગદ્વેષ વિજેતા ! મેં રાગદ્વેષનેજીતવા સંયમ લીધું પણ તે જ રાગદ્વેષથી પરાજિત થઇ તારું ગૌરવ ઘટાડયું તેનો મિચ્છામિ દુક્કડં.

(૫૪) હે કામ વિજેતા ! સુદુર્જય એવા કામશત્રુ પર વિજય મેળવવા મેં મહાભિનિષ્ક્રમણ કર્યું તે શત્રુથી હું ઘાયલ થઈ જવાથી તારી ધર્મસેનાની શાન ન વધારી તેનો મિચ્છામિ દુક્કડં

(૫૫) હે માગોપ ! સાધુજીવનમાં પણ રસ ગારવ, શાતા ગારવામાં ગરકાવ બનીને ષટ્કાયની રક્ષા કરવામાં ઉપેક્ષા કરી તેનો મિચ્છામિ દુક્કડં

(૫૬) હે મહા નિર્યામક ! દીક્ષા લઇને સત્તર વિધ સંયમનું નિરતિચાર-શુદ્ધ પાલન ન કર્યું, તેનો મિચ્છામિ દુક્કડં

(૫૭) હે અભયદાતા ! દીક્ષા લઈને દશસંજ્ઞાઓની પગચંપી કરી તારી, મારા ગુરૂમહારાજની અને તારા શાસનની કીર્તિને કલંક લગાડયું તેનો મિચ્છામિ દુક્કડં

(૫૮) હે ચક્ષુદાતા ! દીક્ષા લઇ ઉપસર્ગો અને પરીસહોની સેનાને જોઇ સંયમરૂપી સમરાંગણમાંથી ભાગી છૂટયો અને તેઓની શરણાગતિ સ્વીકારી તારા શાસનની શોભા ઘટાડી તેનો મિચ્છામિ દુક્કડં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૫૯) હે શીવસુખ દાતા ! શીવસુખ માટે તારો ઉપયોગ ન કરતાં વૈષયિક માટે તારો ઉપયોગ કરી તારી ઘોર આશાતના-અપમાન કર્યું તેનો મિચ્છામિ દુક્કડં

(૬૦) હે પરમપદ વાસી ! મેં તારાં પૂજન પરમપદ માટે ન કર્યાં, પણ દુન્યવી પદો પ્રાપ્ત કરવા કર્યાં તેનો મિચ્છામિ દુક્કડં

(૬૧) હે માર્ગદાતા ! મેં સન્માર્ગનો નાશ કરી ઉન્માર્ગની સ્થાપના કરી જગતના જીવોને ઉન્માર્ગે લઈ ગયો તેનો મિચ્છામિ દુક્કડં

(૬૨) હે તારકોમાં શિરોમણિ ! સાધુજીવનમાં પણ સ્વપ્રશંસા, પરનિંદા, પરદોષદર્શન, પરઈર્ષ્યા પરપ્રશંસામાં નારાજી, સ્વપ્રશંસા-શ્રવણમાં રાજીપો, પરનિંદા શ્રવણ વગેરે ન છોડયું તેનો મિચ્છામિ દુક્કડં

(૬૩) હે ઉપકારીઓમાં શિરોમણિ ! સાધુ થઈને પણ મોક્ષની ઇચ્છાને છોડી બીજી સત્કાર, સન્માન, પ્રસિદ્ધિ, કીર્તિ, સ્વપૂજા વગેરેની ઈચ્છાઓ કરી તે બદલ મિચ્છામિ દુક્કડં

(૬૪) હે સર્વ દેશકોમાં શિરોમણિ ! મેં દીક્ષા લીધી, પણ ગુરૂ પાસે શિક્ષા ન લીધી અને લોકો પાસેથી ભિક્ષા લીધી તેનો મિચ્છામિ દુક્કડં

(૬૫) હે કર્મસૈન્ય વિજેતા ! મેં દીક્ષા લઇને દીક્ષા ગુરૂનો બરાબર વિનય, ભકિત, બહુમાન આજ્ઞાપાલન વગેરે ન કર્યું તેનો મિચ્છામિ દુક્કડં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૬૬) હે સાત્ત્વિક શિરોમણિ ! દીક્ષા લઇને મેં આહાર શુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, પાત્રશુદ્ધિ, વસતીશુદ્ધિ ન સાચવી અને અશુદ્ધ આહારાદિનું ગ્રહણ કર્યું તેનો મિચ્છામિ દુક્કડં

(૬૭) હે સજ્જન શિરોમણિ ! દીક્ષા લઇને મેં ગુરૂની લજ્જા, શરમ, ભય છોડી દઈ સાંઢની માફક વર્ત્યો તેનો મિચ્છામિ દુક્કડં

(૬૮) હે સાધુ શિરોમણિ ! ગુરૂ આજ્ઞાને સહર્ષ પરમમંત્ર માફક માની ન માની, ગુરૂ આજ્ઞાનો અનાદર કર્યો, વિલંબથી આજ્ઞા માની, આજ્ઞા ઉઠાવતાં મન દુભાયું, વેઠીયાની માફક આજ્ઞાપાલન કર્યું તેનો મિચ્છામિ દુક્કડં

(૬૯) હે કૃતજ્ઞી શિરોમણિ ! શલ્યસહિત જ્ઞાનાદિગુણોની, ક્ષમાદિગુણોની આરાધના કરી, ગીતાર્થ ગુરૂ પાસે શુદ્ધ દીલે, માન માયા મૂકી આલોચના ન કરી, આલો-ચના તો લીધી; પણ પ્રાયશ્ચિત ન કર્યું તેનો મિચ્છામિ દુક્કડં

(૭૦) હે પરમ સંયમી ! દીક્ષા લઈ દ્રવ્ય, ક્ષેત્ર કાળ, ભાવ, ભક્તો, દેહ વગેરેનું મમત્વ ન છોડ્યું, અપ્રતિબદ્ધ વિહારી ન બન્યો, લોકવ્યાપાર, લોકરંજન વગેરેનો ત્યાગ ન કર્યો, કર્તૃત્વનું અભિમાન કર્યું, સાવદ્ય છોડી અસાવદ્ય આચર્યું તેનો મિચ્છામિ દુક્કડં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૭૧) હે યથાર્થ દૃષ્ટા ! મેં દીક્ષા લઈ યથાવિધિ સાધુ સામાચારીનું બરાબર પાલન ન કર્યું, અષ્ટપ્રવચન માતાનું સમ્યગ્ પાલન ન કર્યું તે બદલ મિચ્છામિ દુક્કડં

(૭૨) હે યથાર્થ વકતા ! મેં ચારપ્રકારની ધર્મકથા ન કરી અને ચાર પ્રકારની વિકથા કરી, ધર્મધ્યાન વગેરે ન ધ્યાચું, આર્તરૌદ્રધ્યાન ધ્યાચું, ત્રણ ગુપ્તિનું બરાબર પાલન ન કર્યું, ત્રણ દંડ સેવ્યા તેનું મિચ્છામિ દુક્કડં

(૭૩) હે સૌભાગ્ય નિધિ ! મેં મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ, અનિત્યાદિ બાર ભાવના, જ્ઞાન ભાવના, દર્શન ભાવના ચારિત્ર ભાવના, વૈરાગ્ય ભાવના, પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવનાઓને સમ્યગ્ ભાવી નહિ અને આસૂરી આદિ ભાવનાઓ ભાવી તેનો મિચ્છામિ દુક્કડં

(૭૪) હે રૂપનિધિ ! ધર્મસ્થાનોમાં પણ મેં કષાય કર્યા, ઝગડા કર્યા, અસંયમ સેવ્યો, અજયણાથી વર્ત્યો, ઔચિત્યનું ઉલ્લંઘન કર્યું, બીજાઓને ભકિતમાં-ક્રિયા કરતાં અંતરાય કર્યા, શાસ્ત્રવિધિ ન સાચવી, નિસિહીનું પાલન ન કર્યું, સાંસારિક કાર્યોની ચિંતા કરી, સાંસારિક વાતો કરી, નિંદાઓ કરી, મારામારી કરી, ગાળાગાળી કરી, પરસ્ત્રીનાં રૂપ જોયાં, ત્યાં દેવ ગુરૂની શરમ ન રાખી, ભવભય દીલમાં ન રાખ્યો, ત્યાં જેમ તેમ વર્ત્યો. ત્યાં, જરાયે વિધિનો આદર ન રાખ્યો, મન સ્થિર ન રાખ્યું, ઇન્દ્રિયોને સંયમમાં ન રાખી, ત્યાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જઈ પારકી પંચાત કરી, ચાડીચુગલી કરી, અવિન-
યથી બેઠા, ઉભા રહ્યા તે બદલ મિચ્છામિ દુક્કડં

(૭૫) હે કલાનિધિ ! શ્રાવક જીવનમાં શ્રાવકાચારનું મેં બરાબર પાલન ન કર્યું તેનો મિચ્છામિ દુક્કડં

(૭૬) હે સૌભાગ્યનિધિ ! આ જન્મમાં–ગતજન્મોમાં અઢાર પાપ–સ્થાનક મેં મન વચન કાયાથી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં તે બદલ મિચ્છામિ દુક્કડં

(૭૭) હે દાક્ષિણ્ય મહોદધિ ! મેં મિથ્યાત્વી પર્વોને માન્યા, તેની આરાધના કરી, મિથ્યા દેવદેવીઓની બાધાઓ રાખી, મિથ્યાત્વીઓનો સંગ કર્યો, અન્ય ધર્મીઓની પ્રશંસા કરી, શુદ્ધ સમ્યક્ત્વને ધારણ ન કર્યું, સમ્યક્ત્વમાં અતિચારો લગાડયા, સમકિત ઉચ્ચરી ભાંગ્યું, વ્રત લઈ નિયમ લઈ ભાંગ્યા, તેનું પ્રાયશ્ચિત ન કર્યું, શ્રાવકનાં વ્રતોનું વિધિપૂર્વક સુગુરૂ પાસે વિનય બહુમાન પૂર્વક શ્રવણ ન કર્યું શ્રવણ કર્યું પણ વ્રતોનો સમ્યગ્ વિધિપૂર્વક સ્વીકાર ન કર્યો, સ્વીકાર કરો તેનું સમ્યગ્ પાલન ન કર્યું, વારંવાર તેને યાદ ન કર્યાં, વ્રત લઈ હર્ષ ન થયો, વ્રત રક્ષા બરાબર ન કરી, રાત્રિભોજન, કંદમૂળ બત્રીસ અનંતકાય, બાવીસ અભક્ષ્ય, વાસી ભોજન, દ્વિદળ કર્માદાનના ધંધા અનર્થ દંડ વગેરેનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ ન કર્યો. તેનો મિચ્છામિ દુક્કડં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૭૮) હે વૈરાગ્ય વારિધિ ! ભવ અને ભવના ભોગો પ્રત્યે ચિત્તમાં વૈરાગ્ય ધારણુ ન કર્યો, અસાર સંસારને સાર, વિષમય વિષયોને અમૃતતુલ્ય, વ્રતને ભોગ વંચના, ધર્મક્રિયાઓને બાલક્રિડા માની તેનો મિચ્છામિ દુક્કડં

(૭૯) હે પ્રકૃષ્ટપુણ્યના સ્વામિ ! સ્ત્રીને નરકસીડી માનવાને બદલે સ્વર્ગની સીડી માની, અર્થને (ધનને) સકલ અનર્થનું (દુઃખનું) મૂલ માનવાને બદલે તેને સર્વ સુખનું મૂળ માન્યું તેનો મિચ્છામિ દુક્કડં

(૮૦) હે જગદાનંદકારી ! સંસારવાસને મહેલવાસ અને સંયમને જેલ માની તેનો મિચ્છામિ દુક્કડં

(૮૧) હે સાગરવરગંભીર ! મેં અવિધિથી સામાયિક, પ્રતિક્રમણુ, પૌષધ, જિનપૂજા, ગુરૂભક્તિ આદિ કર્યું તેનો મિચ્છામિ દુક્કડં

(૮૨) હે પરમ મુનિ ! મેં જિનમંદિરોના, તીર્થોના, ધર્મસ્થાનોના વહિવટ વિધિપૂર્વક ન કર્યા, દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણુ દ્રવ્યનું ભક્ષણુ કર્યું, ઉપેક્ષા કરી, દુરુપયોગ કર્યો તેનો મિચ્છામિ દુક્કડં

(૮૩) હે કુલદીપક ! મેં જૈનધર્મનું હલકું દેખાય, તેની શોભા, છાયા ઘટે, લોકો ધર્મથી ઉભગી જાય, જૈનધર્મની નિંદા થાય, લોકોની બોધિદુર્લભ થાય એવાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નીચ કામ કર્યાં તેનો મિચ્છામિ દુક્કડં

(૮૪) હે અચિન્ત્યશક્તિ ! મેં તારા સંઘમાં ઝગડા કરાવ્યા, ભાગલા–પક્ષ પડાવ્યા, સંઘમાં સંપ કરાવવાના પ્રામાણિક પ્રયત્નો ન કર્યા તેનો મિચ્છામિ દુક્કડં

(૮૫) હે તરણતારણ જહાજ ! મેં અનેક જીવોને મોક્ષ-માર્ગ ઉપર જતા રોકીને અનેક જીવોને મેં ભવસા-ગરમાં ડૂબાડયા તેનો મિચ્છામિ દુક્કડં

(૮૬) હે પરમાનંદી ! મારા ઘરના આંગણે આવેલા શ્રી સંઘને, સુસાધુ-સાધ્વીઓને, સાધર્મિકોને સત્કાર્યા નહિ, હાથ જોડી પધારોએમ પણ ન કીધું, ઉલ્ટો મુખ ફેરવીને ઉભો રહ્યો, ચાલ્યા જાઓ એમ કહ્યું, તેઓનો ખૂબ અનાદર–અપમાન કર્યું તેનો મિચ્છામિ દુક્કડં

(૮૭) હે સહજાનંદી ! હું દેવ ગુરૂ ધર્મની સેવાને ગૌણ કરી મુખ્યપણે કંચન કામિની કુટુંબની સેવામાં લીન બન્યો તેનો મિચ્છામિ દુક્કડં

(૮૮) હે નિજાનંદી ! મેં તારી, તારા પ્રવચનની, સુગુરૂ-ઓની, નવકારમંત્રની, શત્રુંજયાદિ તીર્થોની પ્રાપ્તિમાં મારો પ્રબળ પુણ્યોદય ન માન્યો; પણ કંચન, કામિની પુત્ર. પુત્રી, સત્તા, સંપત્તિ, રૂપ, બુદ્ધિ, બળ, ઐશ્વ-ર્યની પ્રાપ્તિમાં "પ્રબળ પુણ્યોદય" માન્યો તેનો મિચ્છામિ દુક્કડં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૮૯) હે શીવપુર નિવાસી ! શીવપુર તરફ જતા પ્રવાસીઓને મેં છતી શક્તિએ સહાય–મદદ ન કરી તેનો મિચ્છામિ દુક્કડં

(૯૦) હે અજર અમર પ્રભુ ! મૃત્યુના મુખમાં જતા પ્રાણીઓને મેં છતી શકિતએ છોડાવ્યા નહિ તેનો મિચ્છામિ દુક્કડં

(૯૧) હે અશરીરી નાથ ! મેં છતી શક્તિએ છ'રી પાલિત સંઘ ન કાઢયા, ઉપધાન, ઉજમણાં ન કરાવ્યાં, સાધર્મિકવાત્સલ્ય, સંઘ પૂજન, ગુરૂપૂજન, જ્ઞાનપૂજન, પંચાન્હિકા, અષ્ટાન્હિકા મહોત્સવ ન કર્યા તેનો મિચ્છામિ દુક્કડં

(૯૨) હે અનાહારીપદના ભોકતા ! મેં આહાર લંપટ, રસલંપટ, શરીર લંપટ, વિષય લંપટ બની બાહ્ય–અભ્યંતર તપ ન કર્યો તેનો મિચ્છામિ દુક્કડં

(૯૩) હે અવિનાશી ! બીજાઓને દીક્ષા લેતા રોકયા, દીક્ષા લીધા પછી તોડી–તોડાવી દીક્ષા વિરુદ્ધ કાર્યવાહી કરી–કરાવી, સાધુ–સાધ્વીઓને હેરાન કર્યા–અપમાનિત કર્યા તેઓ ઉપર પત્થર–ઈંટો ફેંકી, ગાળો દીધી, તેઓના પાત્રા ફોડી નાંખ્યા, વસ્ત્રો લૂંટી લીધા, બાળી નાંખ્યા, તેઓને રહેવાની વસતિ તોડી નાંખી, સળગાવી મારી, તેઓને ગામમાંથી કાઢી મૂકયા, શાસ્ત્રો સળગાવી માર્યા, ફાડી નાંખ્યા, શાસ્ત્રોનું અપ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માન કર્યું, શાસ્ત્રકારોનું પણ અપમાન કર્યું, શાસ્ત્રોને અસત્ય કહ્યાં, આગમોનો અનાદર કર્યો, છતી શકિતએ આગમોનો ઉદ્ધાર ન કર્યો તેનો મિચ્છામિ દુક્કડ

(૯૪) હે શીવસુખના ભોકતા ! એકચિત્તે નિષ્કામ ભાવથી અહોભાવથી તારી ભકિત, ગુરૂભકિત, આગમભકિત, સંઘભકિત ન કરી તેનો મિચ્છામિ દુક્કડં

(૯૫) હે અરૂપી ! વિધિપૂર્વક ૧૯ દોષ ટાળી કદીયે કાયોત્સર્ગ ન કર્યો, ૩૨ દોષ રહિત કદીયે એક પણ સામાયિક ન કર્યું, ઘોર પશ્ચાતાપ સાથે ઉપયોગપૂર્વક એકવાર પણ પ્રતિક્રમણ ન કર્યું, એક પૌષધ પણ ન કર્યો, એકચિત્તે તારા નામનો જાપ ન જપ્યો, તલ્લીન બની તારું ધ્યાન ન કર્યું તેનો મિચ્છામિદુક્કડં

(૯૬) હે નિઃસંગ ! પરપુદ્‌ગલના સંગમાં આસકત બની કદીયે નિઃસંગ બનવા ઈચ્છાયે ન કરી, પ્રયત્ન યે ન કર્યો, તેનો મિચ્છામિ દુક્કડં

(૯૭) હે નિર્મળ ! મેં કદીયે મારા આત્માનો કર્મમલ ધોઈ નિર્મળ બનવાની કદીયે ચિંતા યે ન કરી તેનો નિર્મળ બનવાની મિચ્છામિ દુક્કડં

(૯૮) હે નિષ્કલંક ! કર્મનાકલંકને કાઢવા મેં કદીયે પ્રયત્ન ન કર્યો તેનો મિચ્છામિ દુક્કડં

(૯૯) હે નિષ્કામી ! અત્યંત કામાસકત બનીને મેં મારા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્માને કદીયે નિષ્કામી બનાવવા પ્રયત્ન ન કર્યો તેનો મિચ્છામિ દુક્કડં

(૧૦૦) હે નિષ્કષાયી ! મેં કષાયરૂપી કસાઇઓ સાથે પાકી દોસ્તી બાંધી તારો દ્રોહ કર્યો તેનો મિચ્છામિ દુક્કડં

(૧૦૧) હે અવેદી ! વેદના ઉદયમાં અંધ બની મેં જગતના જીવોની વેદનાની પરવાહ ન કરી તેનો મિચ્છામિ દુક્કડં

ઉપર મુજબ મેં અહિં ૧૦૧ દુષ્કૃતની નિંદા કરવાના અને તેનો "મિચ્છામિ દુક્કડં" દેવાના પ્રકારો યથામતિ બતાવ્યા છે. આવા બીજા ઘણાયે દુષ્કૃતની નિંદા કરવાના અને તેનો મિચ્છામિ દુક્કડં દેવાના પ્રકારો આગમોમાં બતાવેલા છે.

તેથી જે મુમુક્ષુ રોજ જિનમંદિરમાં દેવાધિદેવ સમક્ષ બે હાથ જોડી ઉભા રહી હૃદયમાં દુષ્કૃત કર્યા બદલનો ઘોર પશ્ચાતાપ રાખી મિચ્છામિ દુક્કડં દેશે તે શીઘ્ર શીવરમણીને વરશે.

**શીવમસ્તુ સર્વ જગત :**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્ત વિજયજી મહારાજશ્રીનાં અન્ય મનનીય આધ્યાત્મિક આકર્ષક પુસ્તકો.

| | | |
|---|---|---|
| જૈન દર્શન દર્પણ | | ૫-૦૦ |
| નવપદ ઉપાસના | | ૫-૦૦ |
| આગમ અનુપ્રેક્ષા | | ૫-૦૦ |
| યોગ દર્શન | | ૩-૫૦ |
| વૈરાગ્ય પ્રવચનો | | ૩-૦૦ |
| ષોડશક પ્રવચનો | પ્રવચન પુસ્તકો | ૨-૫૦ |
| વીતરાગ વાણી | | ૩-૦૦ |
| પ્રવચન પરાગ | | ૨-૫૦ |
| સંયમનો સાચો સાથી | | ૨-૦૦ |
| સંસ્કાર ધન ભાગ-૧ થી ૮ | | ૩-૦૦ |
| સિદ્ધાંત મહોદધિ પ્રેમસૂરીશ્વરજી | | ૧-૦૦ |
| સરળ નવતત્વ | | ૧-૦૦ |
| શલ્યોદ્ધાર | | ૧-૦૦ |
| તત્વ ચિંતન | | ૦-૮૦ |
| બાળકોની વાતાંઓ | | ૦-૮૦ |
| ચિંતન | | ૦-૭૫ |
| વિશ્વવંદ્ય ભગવાન મહાવીર | | ૦-૫૦ |
| વૈરાગ્યમય વાર્તાઓ | | ૩-૦૦ |
| મુમુક્ષુ અને મિચ્છામિદુક્કડં | | ૦-૮૦ |
| અધ્યાત્મ ભાવના | | ૦-૮૦ |
| સુકૃત અનુમોદના | | ૦-૮૦ |
| તત્વજ્ઞાન શ્રેણીનાં ૨૦ પુસ્તકો | | ૧૦-૦૦ |

(અદ્ભુત સાવ નૂતન પ્રકાશન)

**: પ્રાપ્તિસ્થાન :**

(૧) શ્રી પ્રેમસૂરીશ્વર જૈનસાહિત્ય પ્રકાશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી, શ્રીમોતીલાલ વાઘજીભાઈ પટેલ ઠે. પુનિત, ૬, સ્મૃતિકુંજ કોલોની નવરંગપુરા અમદાવાદ-૯

(૨) સેવંતીલાલ વી. જૈન ઠે. મહાજન ગલી, ઝવેરી બજાર, પહેલે માળે, મુંબઈ-૩

(૩) અખિલ ભારતીય સંસ્કૃતિ ભવન, ઠે-નીશાપોળ, રીલીફરોડ, અમદાવાદ-૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org